# અમદાવાદમાં કોરોનાના બેકાબુ : ૨૬૭ કેસ

## ગુજરાતમાં ૪૭૨૧ કેસ : અમદાવાદમાં ૧૬ના મોત, રાજ્યમાં ૨૨ મોત સાથે કુલ મૃતાંક ૨૩૬

ગાંધીનગર, તા.૧

રાજય સરકાર અને તંત્રના અનેકિવધ અથાગ પ્રયાસો અને દાવાઓ વચ્ચે પણ અમદાવાદ શહેર સહિત રાજયભરમાં કોરોના વાયરસની પરિસ્થિતિ બેકાબૂ બનતી જાય છે અને રોજ સેંકડો નવા પોઝિટિવ કેસો સામે આવી રહ્યા છે, તેમાંય ખાસ કરીને એપ્રિલ મહિનો ગુજરાતને કોરોના મામલે ખૂબ ભારે પડ્યો છે.

એપ્રિલની પહેલી તારીખે જ્યાં ગુજરાત કોરોના પોઝિટીવ દર્દીઓની સંખ્યામાં પ્રથમ દસમાં પણ ન હતું, ત્યાં મહિનાના મધ્યભાગ સુધીમાં તો ગુજરાત દેશમાં પાંચમાં ક્રમે આવ્યું અને વીસમા દિવસથી જ ગુજરાત બીજા ક્રમે પહોંચી ગયું. ગઈકાલે એપ્રિલ મહિનાના છેલ્લા દિવસે ગુજરાતમાં કુલ ૪૭૨૧થી વધુ પોઝિટીવ કેસ નોંધાયા છે જે દેશના કુલ કેસના ૧૩ ટકા છે, જ્યારે ૨૩૬ થી વધુ મરણના કિસ્સા સાથે આખા ભારતમાં કોરોનાને કારણે મૃત્યુ પામ્યા હોય તે પૈકી ૧૯ ટકા ગુજરાતના છે. રાજયમાં સૌથી વધુ એટલે કે, ૭૦ ટકા કેસો તો હોટસ્પોટ બનેલા અમદાવાદમાં એક જ દિવસમાં ૨૬૭થી વધુ કેસો સાથે કોરોના પોઝિટિવ કેસો ત્રણ હજારને પાર થઈ ગયા છે, જે ખૂબ ચિંતાજનક છે. રાજયના પાટનગર ગાંધીનગરમાં આજે સેકટર ૨૪ અને સેકટર ૧૩ બી કલસ્ટર ઝોન તરીકે જાહેર કરાયા હતા.

ગાંધીનગરમાં કોરોનાની પરિસ્થિતિ ફરી ગંભીર રીતે વકરી છે. અહીં છ વિસ્તારો ઓલરેડી કલસ્ટર ઝોન જાહેર કરાયેલા છે. બીજીબાજુ, આજે વડોદરામાં નવા વધુ ૧૨થી વધુ કેસો સામે આવ્યા હતા. આ જ પ્રકારે રાજયના અન્ય શહેરોમાં પણ કોરોના પોઝિટિવના નવા કેસો સામે આવ્યા હતા. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૨૬ નવા પોઝિટિવ કેસ અને ૨૨ દર્દીના મોત થયા છે. આ સાથે જ મૃત્યુઆંક ૨૩૬ થયો છે અને અત્યાર સુધીમાં કુલ ૪,૭૨૧ કેસ નોંધાયા છે. તેમજ ૧૨૩ દર્દી સાજા થતાં અત્યાર સુધીમાં ૭૩૬ દર્દીને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આમ રાજ્યમાં એક જ દિવસમાં સૌથી વધુ મોત થયા છે, જ્યારે સતત ત્રીજા દિવસે ૩૦૦થી વધુ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ પહેલા ૨૯ એપ્રિલે ૩૦૮ અને ૩૦ એપ્રિલે ૩૧૩ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જ્યારે ૧૯ એપ્રિલે પણ ૩૬૭ દર્દી સામે આવ્યા હતા. આમ રાજયમાં કુલ ૪ વાર ૩૦૦થી વધુ કોરોનાના દર્દી નોંધાયા છે. રાજ્યમાં કોરોના અંગે માહિતી આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું કે, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ ૧૯ના ૩૨૬ નવા કેસ નોંધાયા છે.

અમદાવાદમાં ૨૬૭, સુરતમાં ૨૬, વડોદરામાં ૧૯, મહીસાગરમાં ૬, પંચમહાલમાં ૩, બોટાદ, ગાંધીનગર, કચ્છ, પાટણ અને બનાસકાંઠામાં ૧-૧ પોઝિટિવ કેસ નોંધાયા છે જ્યારે ૧૦ના કોરોનાને કારણે અને ૧૨ના અન્ય બિમારી, હાઈ રિસ્ક અને કોરોનાથી મૃત્યુ થયા છે. અમદાવાદમાં ૧૬, વડોદરામાં ૫ અને સુરતમાં ૧ મૃત્યુ મળીને કુલ ૨૨ના મૃત્યુ થયા છે. જ્યારે આજે ૧૨૩ દર્દી સાજા થયા છે અને તેમને રજા આપવામાં આવી છે, અત્યાર સુધીમાં ૭૩૬ દર્દી રજા લઈને ઘરે પરત ફર્યા છે. કુલ ૪,૭૨૧ દર્દીમાંથી ૩૬ દર્દી વેન્ટીલેટર પર, ૩૭૧૩ની હાલત સ્થિર છે જ્યારે ૭૩૬ સાજા થયા અને ૨૩૬ના મૃત્યુ થયા છે. ટેસ્ટિંગની વાત કરવામાં આવે તો અત્યાર સુધીમાં ૬૮,૭૭૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી ૪૭૨૧ના રિપોર્ટ પોઝિટિવ અને ૬૪૦૫૩ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૩૨૯૩ | ૧૬૫ | ૩૯૯ |
| વડોદરા | ૩૦૮ | ૨૧ | ૧૦૨ |
| સુરત | ૬૪૪ | ૨૬ | ૬૬ |
| રાજકોટ | ૫૮ | ૦૧ | ૧૮ |
| ભાવનગર | ૪૭ | ૦૫ | ૨૧ |
| આણંદ | ૭૪ | ૦૪ | ૩૦ |
| ભરૂચ | ૨૭ | ૦૨ | ૨૦ |
| ગાંધીનગર | ૪૯ | ૦૨ | ૧૨ |
| પાટણ | ૧૮ | ૧ | ૧૨ |
| પંચમહાલ | ૩૭ | ૦૩ | ૦૩ |
| બનાસકાંઠા | ૨૯ | ૦૧ | ૦૪ |
| નર્મદા | ૧૨ | ૦૦ | ૧૦ |
| છોટાઉદેપુર | ૧૩ | ૦૦ | ૦૬ |
| કચ્છ | ૦૭ | ૦૧ | ૦૫ |
| મહેસાણા | ૧૧ | ૦૦ | ૦૫ |
| બોટાદ | ૨૧ | ૦૧ | ૦૨ |
| પોરબંદર | ૦૩ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૦૫ | ૦૦ | ૦૧ |
| ગીરસોમનાથ | ૦૩ | ૦૦ | ૦૨ |
| ખેડા | ૦૬ | ૦૦ | ૦૨ |
| જામનગર | ૦૧ | ૦૧ | ૦૦ |
| મોરબી | ૦૧ | ૦૦ | ૦૧ |
| સાબરકાંઠા | ૦૩ | ૦૦ | ૦૩ |
| અરવલ્લી | ૧૯ | ૦૧ | ૦૦ |
| મહીસાગર | ૧૭ | ૦૦ | ૦૫ |
| તાપી | ૦૧ | ૦૦ | ૦૦ |
| વલસાડ | ૦૫ | ૦૧ | ૦૦ |
| નવસારી | ૦૬ | ૦૦ | ૦૦ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૦ |
| સુરેન્દ્રનગર | ૦૧ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૪૭૨૧** | **૨૩૬** | **૭૩૬** |

# રાજ્યમાં કોરોનાગ્રસ્ત નવ જિલ્લા રેડ ઝોન જાહેર

## ૧૯ ઓરેન્જ, ૫ જિલ્લા ગ્રીન ઝોનમાં : અમદાવાદ, સુરત, વડોદરા, ગાંધીનગર, બનાસકાંઠા, ભાવનગર રેડ ઝોનમાં

### કયો જિલ્લો કયા ઝોનમાં

| જિલ્લા | ઝોન |
|---|---|
| અમદાવાદ | રેડ |
| સુરત | રેડ |
| વડોદરા | રેડ |
| આણંદ | રેડ |
| બનાસકાંઠા | રેડ |
| પંચમહાલ | રેડ |
| ભાવનગર | રેડ |
| ગાંધીનગર | રેડ |
| અરવલ્લી | રેડ |
| રાજકોટ | ઓરેન્જ |
| ભરૂચ | ઓરેન્જ |
| બોટાદ | ઓરેન્જ |
| નર્મદા | ઓરેન્જ |
| છોટાઉદેપુર | ઓરેન્જ |
| મહિસાગર | ઓરેન્જ |
| મહેસાણા | ઓરેન્જ |
| પાટણ | ઓરેન્જ |
| ખેડા | ઓરેન્જ |
| વલસાડ | ઓરેન્જ |
| દાહોદ | ઓરેન્જ |
| કચ્છ | ઓરેન્જ |
| નવસારી | ઓરેન્જ |
| ગીર-સોમનાથ | ઓરેન્જ |
| ડાંગ | ઓરેન્જ |
| સાબરકાંઠા | ઓરેન્જ |
| તાપી | ઓરેન્જ |
| જામનગર | ઓરેન્જ |
| સુરેન્દ્રનગર | ઓરેન્જ |
| મોરબી | ગ્રીન |
| અમરેલી | ગ્રીન |
| પોબરબંદર | ગ્રીન |
| જૂનાગઢ | ગ્રીન |
| દેવભૂમિ દ્વારકા | ગ્રીન |

ગાંધીનગર,તા.૧

કોરોનાના કહેર વચ્ચે સમગ્ર દેશભરમાં તા.૩જી મેથી લોકડાઉનનો બીજો તબક્કો પૂર્ણ થઈ રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા આજે કોરોનાની સ્થિતિને લઈ દેશના જુદા જુદા રાજયોના વિવિધ જિલ્લાઓને રેડ ઝોન, ઓરેન્જ ઝોન અને ગ્રીન ઝોનમાં મૂકી તે અંગેની મહત્વની યાદી જાહેર કરી હતી. જેમાં એવી ચોંકાવનારી અને ચિંતાજનક વાત સામે આવી હતી કે, ગુજરાત રાજયમાં અમદાવાદ, સુરત, વડોદરા, અરવલ્લી, આણંદ, પંચમહાલ, ગાંધીનગર, બનાસકાંઠા અને ભાવનગર જિલ્લાને રેડ ઝોનમાં મૂકવામાં આવ્યા છે, જેને લઈ રાજયભરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. કારણ કે, રાજયના આ નવ જિલ્લાઓ કોરોનાથી સૌથી વધુ અસરગ્રસ્ત છે અને તેમાંય સૌથી વધુ કોરોનાગ્રસ્ત અમદાવાદ શહેર છે. આમ, આ તમામ નવ જિલ્લાઓ રોડ ઝોનમાં સમાવેશ પામ્યા હોઈ હવે આ જિલ્લાઓમાં તા.૩જી મે પછી પણ લોકડાઉનમાં છૂટછાટ મળવાની શકયતા નહીવત્ છે. એટલે કે, સૌથી વધુ કોરોનાની અસરવાળા આ નવ જિલ્લાઓમાં લોકડાઉન લંબાવાય અને તેનો અમલ ચાલુ રહે તેવી શકયતા વર્તાઈ રહી છે. આ રેડ ઝોન જિલ્લાઓમાં માત્ર જીવનજરૂરી અને આવશ્યક ચીજવસ્તુઓની મંજૂરી આપવામાં આવશે અને બાકીનો પ્રતિબંધ યથાવત્ રહે તેવી પૂરી સંભાવના છે. ગુજરાત સહિત દેશભરમાં કોરોનાની પરિસ્થિતિને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં તમામ રાજયના મુખ્યમંત્રીઓ સાથે આ સંદર્ભે ચર્ચા કરી હતી. તેમજ કોવિડ ૧૯ની ટીમ અને કેન્દ્રની આરોગ્ય ટીમ દ્વારા દરેક રાજયના આરોગ્યમંત્રી અને આરોગ્ય સચિવ સાથે વીડિયો કોન્ફરન્સ કરીને રાજ્યમાં કોરોનાની સ્થિતિ અંગે તાગ મેળવ્યો હતો. જેના આધારે દેશના કોરોનાગ્રસ્ત જિલ્લાઓને રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં વહેંચવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર પણ લોકડાઉન બાદ ઝોન આધારે જિલ્લાઓમાં છૂટછાટ અને કડક અમલ કરાવી શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી એડ્વાઈઝરી પ્રમાણે, ગુજરાતના ૯ જિલ્લા રેડ ઝોનમાં, ૧૯ જિલ્લા ઓરેન્જ ઝોનમાં અને ૫ જિલ્લા ગ્રીન ઝોનમાં મૂકવામાં આવ્યા છે. રાજયમાં અમદાવાદ, સુરત, વડોદરા, અરવલ્લી, આણંદ, પંચમહાલ, ગાંધીનગર, બનાસકાંઠા અને ભાવનગર જિલ્લાને રેડ ઝોનમાં મૂકવામાં આવ્યા છે. રેડ ઝોનમાં લોકડાઉનનો કડક અમલ કરાવવામાં આવશે, જયારે રાજકોટ, પાટણ અને મહેસાણા સહિતના ૧૯ જિલ્લા ઓરેન્જ ઝોનમાં સમાવેશ પામ્યા છે તો., મોરબી, અમરેલી, પોબરબંદર, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા ગ્રીન ઝોનમાં મૂકાયા છે. જે જિલ્લાઓ ઓરેન્જ ઝોનમાં મૂકાયા છે ત્યાં થોડીક છૂટછાટ મળી શકે છે. જયારે ગ્રીન ઝોનમાં મૂકાયેલા જિલ્લાઓમાં ઓરેન્જ ઝોન કરતા થોડી વધુ આંશિક રાહત મળી શકે છે. જો કે, માસ્ક, સેનીટાઈઝેશન સહિતના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. રાજય સરકાર દ્વારા એકાદ-બે દિવસમાં ઝોન વાઈઝ આંશિક છૂટછાટ કે રાહત અંગેની જાહેરાત થઈ શકે છે.



કોરોનાને લઈને લોકડાઉન કરવામાં આવેલ ત્યારે બીજો તબક્કો ૩ મે એ પૂર્ણ થાય છે, ત્યારે સાબરકાંઠાનો સમાવેશ ઓરેન્જ ઝોનમાં થતા ત્રીજા તબક્કામાં અશંતઃ રાહત મળશે અને જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ સાથે અન્ય કેટલીક દુકાનો પણ ખોલવામાં આવશે પરંતુ સોશ્યલ ડિસ્ટન્સ ફરજીયાત અમલ કરવો પડશે તેને લઈને હિંમતનગર બી ડીવીઝન પોલીસે તેમના વિસ્તારમાં આવેલ બજારની દુકાનો આગળ સોશ્યલ ડિસ્ટન્સ માટેના કલરથી કુંડાળા શુક્રવારે દોર્યા હતા.

# વાહનચાલકોનું સ્ક્રીનીંગ કરતા કર્મીઓને માસ્ક અપાયા નથી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં છેલ્લા બે-ત્રણ દિવસોમાં જ કોરોનાના કેસ વધતાં તંત્રએ કડક વલણ અપનાવીને ગાંધીનગર શહેરમાં પ્રવેશવાના માર્ગો બંધ કરી દઈ માત્ર ચ-રોડને ચાલુ રખાયો છે. જોકે અહીં વાહનચાલકોનું સ્ક્રીનીંગ કરતાં સ્વાસ્થ્ય કર્મીઓને માસ્ક અને હેન્ડ ગ્લોવ્ઝ અપાયા ન હોવાની ફરીયાદ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં પ્રવેશવાના તમામ માર્ગો બંધ કરાયા છે. માત્ર ચ-રોડ પરથી જ પ્રવેશ આપવામાં આવે છે. ચ-૦ સર્કલ પર એકે એક વાહનચાલકનું સ્ક્રીનીંગ કરવામાં આવે છે. આ વાહનચાલકોનું સ્ક્રીનીંગ કરનાર સ્વાસ્થ્યકર્મીઓને તંત્ર દ્વારા માસ્ક કે હેન્ડ ગ્લોવ્ઝ આપામાં આવ્યા ન હોવાની ફરીયાદ ઉઠવા પામી છે. સ્વાસ્થ્ય કર્મીઓએ પોતાના ખર્ચે માસ્ક અને હેન્ડ ગ્લોવ્ઝની વ્યવસ્થા કરી છે. કોરોના સામે રીતસર જંગ છેડાઈ છે ત્યારે આ રીયલ કોરોના વોરીયર્સને આવશ્યક માસ્ક અને હેન્ડ ગ્લોવ્ઝ નિયમિત રીતે આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## સાબરકાંઠા જિલ્લા કેમિસ્ટ એસો.ના પૂર્વ પ્રમુખ કિર્તીભાઈ શાહના અવસાનથી ઘેરો શોક

તલોદ, તા. ૧

સાબરકાંઠા જિલ્લા અને અરવલ્લી જિલ્લાના દવાના છૂટક તથા જથ્થાબંધ વેપારીઓના બનેલા સાબરકાંઠા જિલ્લા કેમિસ્ટ એસોસીએશનના પૂર્વ પ્રમુખ કિર્તીકુમાર અમરતલાલ શાહ (જામલા)નું તા. ૨૯-૪-૨૦૨૦ બુધવારની મધ્યરાત્રીએ દુઃખદ અવસાન થવા પામેલ છે. તેઓ જિલ્લા કેમિસ્ટ સંગઠનના પાયાના પથ્થર પૈકીના એક હતા. ભૂતકાળમાં તેઓએ વર્ષો સુધી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના કેમિસ્ટ મિત્રોના હિતને કેન્દ્ર સ્થાને રાખીને ફેડરેશન તથા સરકાર સાથે કડીરૂપ બનીને કર્મઠ ફરજ બજાવી હતી.

૭૭ વર્ષની વયે ગત રાત્રીએ હિંમતનગર ખાતેના નિવાસસ્થાને જ દેહાવસાન પામેલા કિર્તીભાઈની, કેમિસ્ટો માટેની લાગણી ઐતિહાસિક અને કિર્તીવંત રહી હતી. સાબરકાંઠા જિલ્લા કેમિસ્ટ એસોસીએશનના સમયાંતરે મંત્રી અને પ્રમુખ તરીકે તથા રાજ્યકક્ષાના ફેડરેશનના ઉપપ્રમુખ તરીકે પણ તેઓએ દિર્ઘકાળ સુધી સેવાઓ આપી હતી. સેંડો કેમિસ્ટોના રાહબર બની ચુકેલા અને કિર્તીકાકાના હુલામણા નામથી લોકપ્રીતિ સંપાદન કરી ચુકેલા કિર્તીભાઈના



અવસાનના સમાચારથી બંને જિલ્લાના કેમિસ્ટ પરિવારોએ ભારે વ્યથાની લાગણી અનુભવી હતી. બંને જિલ્લાના કેમિસ્ટ જગતની આ વિરલ વિભૂતિની ચિર વિદાય થકી વ્યથિત બનેલા સાબરકાંઠા અને અરવલ્લી એમ બંને જિલ્લાના મળી સેંકડો કેમિસ્ટ મિત્રોએ આજે બપોરે મધ્યાહન ટાણે પોતાના વેપાર-ધંધાને થોડીક ક્ષણો માટે સ્થગિત રાખી સદ્ગત આત્માને વંદન કરી શ્રદ્ધાંજલિ સમર્પિત કરી હતી.

### ક્ષણના ચણીબોર ● ચોથા પાનાનું ચાલુ

ઉતરવા સાત સાગર જો
તમારા પત્થરો તરશે
વિના નૌકા સફર થાશે-
તમારી આત્મશ્રધ્ધા તો !
જવું આકાશમાં ધારો
ન વાયુ-યાન પાસે છે
વિના પાંખે ઊડી જાશો-
તમારી આત્મશ્રધ્ધા તો !

ક્રાંતિકારીઓની - મુકિત સંગ્રામના લડવૈયાઓની જે અનેરી દેશદાઝ હતી તેને જીવંત રાખવામાં મહર્ષિ દયાનંદ જેવા ક્રાંત દૃષ્ટા ઋષિનો પણ મહત્વનો ફાળા હતો. કચ્છના કીર્તિપ્રાપ્ત ક્રાંતિવીર પંડિત શામજી કૃષ્ણવર્માની મુલાકાત ઈ.સ. ૧૮૭૪માં મહર્ષિ દયાનંદ સાથે થઈ હતી. સ્વામીજીએ શામજીને શીખ આપી કે ભગવા પહેરી સંન્યાસી થવાની જરૂર નથી. તેના બદલે તત્કાલિન સમય તેમની પાસે દેશ સેવાની અપેક્ષા રાખે છે અને તેથી તે માર્ગે જવા મહર્ષિ દયાનંદે પંડિત શામજી કૃષ્ણવર્માને પ્રેરણા આપી હતી. એ હકીકત જાણીતી છે કે શામજી-સરદારસિંહ તથા મેડમ કામાની ખ્યાતિપ્રાપ્ત ત્રિપુટીએ દેશથી દૂર બેસીને આઝાદીને લડતને વિશ્વફલક પર મૂકી આપી હતી. પત્રકારત્વના ક્ષેત્રમાં પણ પંડિતશામજી કૃષ્ણવર્માએ ઈન્ડિયન સોસીઓલોજીસ્ટ નામનું પેપર પ્રસિધ્ધ કરીને તે સમયના ભારતની સ્થિતિનો ચિતાર વિશ્વસમાજ સમક્ષ કુશળતાથી રજૂ કર્યો હતો.

અંગ્રજોની નજર હેઠળ જ લંડનમાં ઈ.સ. ૧૮૫૭ના સ્વાતંત્રય સંગ્રામની અર્ધશતાબ્દીનો ઉત્સવ ઊજવ્યો. ઈ.સ.૧૯૦૮ માં થયેલા આ અનોખા સમારંભના પ્રમુખસ્થાને સરદારસિંહજી રાણા હતા. સમારંભનું આયોજન પંડિત શામજી કૃષ્ણવર્માની સૂઝ તેમજ તેમના સુગ્રથિત આયોજન પ્રમાણે થયું હતું. ઈ.સ.૧૮૫૭ ના સંગ્રામની કડિબધ્ધ વિગતો જગતના વિચારકો સામે મૂકી તેમજ તે અંગે ફેલાયેલી ગેરસમજો દૂર કરવાનો આ દૂરંદેશીભર્યો તથા સાહસથી છલકતો પ્રયાસ હતો. રોલમોડેલ બની શકે તેવા આઝાદી સંગ્રામના આ પાત્રો તથા તેમની કથાઓ સચ્ચિદાનંદજી કહે છે તેમ આજે પણ યુવાનોમાં વીરતાનો સંચાર કરી શકે તેવી મજબૂત છે. જે લોકો આ વીરકાર્યમાં ખપી ગયા તેમને તો કોઈ પ્રસિધ્ધિની પરવા ન હતી. એ લોકો તો કવિ કલાપી કહે છે તેમ ''ખાકની મુઠ્ઠી ભરી રાજી થનારાઓ'' હતા. તેમનું સ્મરણમાત્ર આપણું આત્મગૌરવ વધારી શકે તેવું પવિત્ર છે. મેઘાણીભાઈએ આ લાગણીને યથાર્થ વાચા આપી છે.

અગર બહેતર, ભૂલી જજો
અમારી યાદ ફાની,
બૂરી યાદે દૂભવજો ના
સુખી તમ જિન્દગાની
કદી સ્વાધીનતા આવે-
વિનંતી ભાઈ છાનીઃ
અમોનેય સ્મરી લેજો જરી,
પળ એક નાની !

### છૂટ નહીં અપાય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાવેશ થયો છે. આવા સંજોગોમાં ઝોન મુજબ લોકડાઉનમાં આપવાની થતી આંશિક છુટછાટ પણ ગાંધીનગરને આપવામાં નહી આવે. ગાંધીનગરમાં કોરોનાના ૪૯ કેસ છે. ત્યારે જિલ્લામાં અત્યાર સુધી ૩ મૃત્યુ થયા છે. આ સ્થિતિ વચ્ચે છેલ્લા ચાર દિવસથી કોરોનાના કેસ વધ્યા છે. આ ઉપરાંત નગરના સેકટરોમાં કેસ વધતા ઠેર ઠેર કંટેન્મેન્ટ ઝોન જાહેર કરાયો છે. સેકટરોમાંથી અંદર બહાર જતા નાગરિકોને પોલીસ પહેરા વચ્ચેથી પસાર થવુ પડે છે. સેકટરોમાં કોરોના સંક્રમિત દર્દીઓને ધ્યાને લઈ સંબંધિત વિસ્તારમાં પોલીસ બેરીકેટસ મુકી દેવાયા છે. જયારે નગરમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની દુકાનો જ ખુલ્લી રાખવા માટે પણ કડક અમલ કરવામાં આવી રહ્યો છે. લોકડાઉન ટુ ના અંતે દેશમાં છુટછાટ આપવામાં આવશે તેમ પણ મનાઈ રહ્યુ હતુ. પરંતુ કોરોના વાયરસના કેસ વધતા દેશમાં સરકારે વિવિધ ઝોન મુજબ લોકડાઉન અંગે નિર્ણય લેવાનુ નક્કી કરાયુ છે. ત્યારે હવે ઝોન મુજબ પણ આંશિક છુટછાટ આપવામાં આવશે. જો કે હાલ ગાંધીનગરમાં કોઈપણ પ્રકારની છુટછાટ આપવામાં નહીં આવે તેમ પણ સ્પષ્ટ થયુ છે. ગાંધીનગર રેડ ઝોનમાં આવે છે. જેના લીધે હાલ જરૂરી ચીજવસ્તુઓ સિવાય અન્ય તમામ પ્રકારની દુકાનો પણ બંધ રહેશે. કોરોનાને માત કરવા માટે લોકડાઉન સિવાય અન્ય કોઈ વિકલ્પ નહીં હોવાથી નગરજનોએ પણ ધીરજ કેળવી જાગૃતિ દાખવવી પડશે.

### ભોગવે છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોડમાં કોરન્ટાઈન રહેતા આવા નાગરિકોનો ખર્ચ પણ સરકાર માટે ચિંતાનો વિષય છે. બીજીતરફ ગરીબ શ્રમિકો પોતાનુ પેટીયુ રળવા આકરા તડકામાં ફરી રહ્યા છે. ગરીબોના મોઢે અનાજ પહોચે તેની ચિંતા રાત દિવસ સરકાર કરી રહી છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે સ્વૈચ્છિક રીતે માનવતા દાખવી ખપ પુરતુ જ મંગાવી અને શક્ય હોય તો તેનો ખર્ચ પણ સક્ષમ નાગરિકોએ સરકારને ચુકવી દેવો જોઈએ. તેવો સુર પણ આમ નાગરિકો ઉઠાવી રહ્યા છે.ખાસ કરીને સરકારી અફસરોએ આ પ્રકારની સુવિધામાં અન્ય કોઈ સરકારી મદદ લેવી ન જોઈએ તેમ સામન્ય નાગરિકો માની રહ્યા છે. આ તો અત્યારે તો એવી સ્થિતિ છે કોરંન્ટાઈન થાવ અને સવલતો ભોગવો જયારે લોકડાઉનમાં કામ ધંધા નેવે મુકીને ઘરમાં સ્વયંશિસ્ત જાળવીને બેઠેલા નાના વેપારીઓ પણ બાબુઓના આ મિજાજથી મુંઝવણ અનુભવી રહ્યા છે. સ્થાનિક તંત્રએ પણ આ મામલે યોગ્ય વિચારણા કરવી જોઈએ.

### લંબાવાયું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવશે. હવાઈ યાત્રા, રેલ પરિવહન, મેટ્રો પરિવહન, માર્ગો દ્વારા એક રાજ્યથી બીજા રાજ્યમાં પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. સ્કુલ, કોલેજો અને બીજા શૈક્ષણિક સંસ્થાન, ટ્રેનિંગ-કોચિંગ ઈન્સ્ટીટ્યુટને પણ બંધ રાખવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. હોટલ, રેસ્ટોરન્ટ સહિતની સેવાઓ, સિનેમાહોલ, મોલ, જિમ, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ જેવી ભીડભાડવાળી જગ્યાઓ ઉપર પણ પ્રતિબંધ રહેશે. સવારે સાત વાગ્યાથી સાંજે સાત વાગ્યા સુધી લોકોની બિનજરૂરી ગતિવિધિઓ અને કામ વગર હરવું-ફરવા પર પણ પ્રતિબંધ રહેશે. તમામ ઝોનમાં ૬૫ વર્ષથી વધુ વય ધરાવતા લોકો અને ડાયાબિટીસ, હાર્ટની સમસ્યાથી ગ્રસ્ત લોકો, ગર્ભવતી મહિલાઓ, ૧૦ વર્ષથી ઓછી વયના બાળકોને માત્ર જરૂરી કામ અથવા તો સ્વાસ્થ્યને લગતી જરૂરી સેવાઓ સિવાય બહાર નિકળવા પર પ્રતિબંધ રહેશે. દેશમાં કુલ ૭૩૯ જિલ્લા છે જેમાંથી ૩૦૭ હજુ પણ કોરોનાગ્રસ્ત થયા નથી. એટલે કે ૪૦ ટકાથી વધુ હોઈ શકે છે. ૩૧૯ જિલ્લા ગ્રીન ઝોનમાં છે. ત્રીજી મે બાદ આ જિલ્લામાં ફેક્ટરી, દુકાનો, નાના મોટા ઉદ્યોગો સમેત ટ્રાન્સપોર્ટ અને અન્ય સેવાઓને શરતો સાથે સંપૂર્ણરીતે ખોલવાની મંજુરી આપી દેવામાં આવી છે.

### ગામડે-ગામડે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવશે અને સ્પેશિયલ ટીમો બનાવીને ઘર-ઘરની તપાસ કરવામાં આવશે. સ્વાસ્થ્ય મંત્રાલયએ કહ્યું હતુ કે, હવે લડાઈ ચેન ઓફ ટ્રાન્સમિશનને બ્લોક કરવાની છે. આના માટે દરેક સંભવિત સંક્રમિત અને તેમના સંપર્કમાં કોણ-કોણ આવ્યા, આ તમામની શોધખોળ કરવા અભિયાન ચલાવવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, કોવિડ-૧૯ના દર્દી કયા કયા વિસ્તારોમાં છે તેમનું વિશ્લેષણ કરવામાં આવશે. રણનીતિ બનાવીને જ્યાં કેસ આવ્યા છે ત્યાં કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી શકાય છે જેમાં કોઈ આવાસીય કોલોની, મોહલ્લા, મ્યુનિસિપલ વોર્ડ, પોલીસ સ્ટેશન વિસ્તાર, નિગમ ક્ષેત્ર અથવા તો સમગ્ર શહેર આવી શકે છે. તેમણે ગામડાઓમાં માટે તૈયાર રણનીતિનો ખુલાસો કરતા કહ્યું હતું કે, ગ્રામીણ વિસ્તારોમાં કોઈ ગામ અથવા તો કેટલાક ગામના સમૂહ અથવા તો પોલીસ સ્ટેશન વિસ્તાર, ગ્રામ પંચાયત આ પ્રકારના વિસ્તારોને કન્ટેનમેન્ટ કરવામાં આવશે.

### સહાય માંગી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મંત્રી એસ જયશંકર છેલ્લા કેટલાક અઠવાડિયાથી ખાડી દેશોના સંપર્કમાં છે. પીએમ મોદીએ ખાડી દેશો સાઉદી અરબ, યુએઈ, કતાર, કુવૈત, બેહરીન અને ઓમાન જેવા દેશોના ટોચના નેતાઓ સાથે ફોન પર વાત કરી છે. તાજેતરમાં ભારત અને ખાડી દેશો વચ્ચેના સંબંધોને નિશાન સાધતા કેટલીક ફેક ટ્વીટ કરવામાં આવી હતી. આ ટ્વીટ્સની ટીકા કરતા વિદેશ મંત્રાલયે કહ્યું કે કેટલીક ટ્વીટ દ્વારા ભારત અને ખાડી દેશોના સંબંધોનું વર્ણન થઈ શકે નહીં. ભારત અને ખાડી દેશો વચ્ચે સંબંધો ગાઢ બની રહ્યાં છે. ભારત અને ખાડી દેશો વચ્ચેના મિત્રતાપૂર્ણ સંબંધો આજે પણ યથાવત છે. તેનું ઉદાહરણ આપતા વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, કોરોના વાયરસ સામેની લડાઈમાં કુવૈત, ઓમાન, બહેરીન અને સાઉદી અરબ સહિત અનેક દેશોએ ડોક્ટર-નર્સોની ટીમ મોકલવા અપીલ કરી છે.

### પુરાવો છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડોનાલ્ડ ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું કે વુહાન ઈન્સ્ટીટ્યૂટ ઓફ વાયરોલોજીમાંથી જ ઉદ્ભવ્યો છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારોએ ડોનાલ્ડ ટ્રમ્પને પૂછ્યું કે તમે કેવી રીતે આટલી દ્રઢ રીતે કહી શકો છો કે આ વાયરસ ચીનની વાયરોલોજીમાં બનાવવામાં આવ્યો છે. પત્રકારોએ આ વાત પર ભાર મુકતા તેની પાછળનું કોઈ ચોક્કસ કારણ જણાવવા માટે કહ્યું. તેના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે હું તમને એ નહીં જણાવી શકું. નોંધનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના વાયરસ મામલે ચીન વિરુદ્ધ આક્રમક વલણ અપનાવ્યું છે. આ અગાઉ સોમવારના રોજ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે ચીન કોરોના વાયરસનને ફેલાતો રોકી શકતો હતો. અમે આ અંગે તપાસ કરી રહ્યા છીએ અને તમને યોગ્ય સમય આવસે ત્યારે આ અંગે જાણકારી આપી દઈશું.

### ચેતવતા રહ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બતાવવામાં આવ્યું છે કે ચીન જાન્યુઆરીમાં પોતાને ત્યાં લોકડાઉનની જાહેરાત કરે છે અને અમેરિકા તેને અત્યાચાર ગણાવે છે. તેમાં એ પણ કહેવામાં આવ્યું છે કે અમેરિકા ચીન પર માનવઅધિકાર છીનવવાનો પણ આરોપ લગાવે છે. વીડિયોને લઈને ટ્વિટર પર ખૂબ ચર્ચાઓ થઈ રહી છે. ઘણાં યુઝર્સ ચીનના યોગ્ય સમયે માહિતી આપવાના દાવાને ખોટો ઠેરવી રહ્યાં છે.